તા. ૧૧-૫-૨૦૧૬, બુધવાર 

ગાંધીનગર સમાચાર

# યુપીએસસીના પરિણામમાં ગાંધીનગરની હેટ્રીક

## કડી કેમ્પસના મમતા આઈ.એ.એસ. સેન્ટરના ત્રણ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતા ખુશીનો માહોલ : શહેરના એક સાથે બે તબીબ યુવાનો અને એક ઈજનેર યુવતિએ આઈએએસ પાસ કરી : પ્રોફેશનલ કારકિર્દી હોવા છતાં સનદી સેવામાં જોડાવાનું લક્ષ્ય હાંસલ કર્યું

ગાંધીનગર, તા. ૧૦

જીવનમાં કંઈક કરી છુટવાની તમન્ના તમારા મનમાં હોય તો કોઈ પણ સંજોગોમાં સફળતા તમારી પાસે આવતા કુદરત પણ રોકી શકતી નથી. દેશની સૌથી પ્રતિષ્ઠિત ગણતી સનદી સેવામાં આજે ગાંધીનગરના બે તબીબી યુવાન અને એક ઈજનેર યુવતી જોડવવાની સફળતા પ્રાપ્ત કરી લીધી છે. ગાંધીનગરના ઈતિહાસમાં આ પહેલી ઘટના છે કે એક સાથે ત્રણ ઉમેદવારો યુપીએસસીની પરીક્ષામાં પાસ થયા છે. આ ત્રણેય ઉમેદવારો ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરી પરિવાર સહિત શહેરનું નામ રોશન કર્યું છે.

તાજેતરમાં સંઘ લોકસેવા આયોગ (યુપીએસસી) દ્વારા રાષ્ટ્રીય કક્ષાની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાનું અંતિમ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગરના બે તબીબ રવિન્દ્ર પટેલ અને કૃણાલ રાઠોડે ભારતભરમાં અનુક્રમે ૧૭૬માં તથા ૯૪૦માં રેન્ક મેળવ્યો છે. જ્યારે ઈજનેર ક્ષેત્ર કાર્યરત ૨૨ વર્ષીય યુવતી કોમલ પટેલે આ યાદીમાં ૩૩૫મો ક્રમ પ્રાપ્ત કર્યો છે. ગાંધીનગર શહેરના ત્રણ યુવાનોએ એક સાથે આ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ગાંધીનગરનું નામ રોશન કર્યું છે. રવિન્દ્ર પટેલ છેલ્લા ત્રણ વર્ષથી યુપીએસસીની તૈયારી કરી રહ્યા



હતા. અને પુનામાંથી તબીબ ક્ષેત્રમાં અભ્યાસ પૂર્ણ કર્યા છે. રવિન્દ્રના પિતા રાજકોટ રેન્જમાં રેન્જ ડીઆઈજીના પદ પર કાર્યરત છે. રવિન્દ્રની સફળતા પાછળ પિતા અને પરિવાર સહિત મિત્રોનો મોટો હાથ રહ્યો છે. રવિન્દ્રએ જણાવ્યું હતું કે મારી જીદંગીની આ ત્રીજી ટ્રાયલ હતી જેમાં સખત અને સતત મહેનતના અંતે આ સફળતા મળી છે. તેમાં પત્નીનો ખુબજ સપોર્ટ છે અને માર્ગદર્શનનું માર્ગદર્શન પણ મહત્વનું કડી સાબિત થયું છે.

ગાંધીનગરના અન્ય એક યુવાન કૃણાલ ચીમનભાઈ રાઠોડ પણ તબીબ ક્ષેત્રે કારકિર્દી ધરાવે છે અને ગાંધીનગર મેડીકલ કોલેજમાં અધ્યાપક તરીકે કાર્યરત છે. લાંબી મહેનત બાદ કૃણાલે ૪થી ટ્રાયલમાં યુપીએસસી પાસ કરી છે. ગુજરાતી સાહિત્ય વિષય સાથે તેમણે આ સફળતા મેળવી છે. મૂળ ઉનાવા ગામના વતની ચીમનભાઈના દિકરા કૃણાલે કઠોર મહેનત અને ધૈર્ય બાદ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ સફળતાના શિખર સુધી પહોંચ્યા છે અને ઓલ ઈન્ડિયામાં ૯૪૦મો રેન્ક પ્રાપ્ત કર્યો છે. આ બન્ને યુવાનોને પરિવારનો ખુબજ સપોર્ટ મળ્યો છે. ઉપરાંત ગાંધીનગરની કોમલ પટેલને ઓલ ઈન્ડિયામાં ૩૩૫મો રેન્ક પ્રાપ્ત કર્યો છે. આ યુવતી ગુજરાતની સૌથી યુવાન મહિલા યુપીએસસી પાસ આઉટ થવાનું ગૌરવ પણ હાંસલ કર્યું છે. આ યુવતી અમેરીકામાં છે. ટુંક જ સમયમાં આ ત્રણેય યુવાનો રાષ્ટ્રીય સેવામાં પોતાની સેવા આપશે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલે ત્રણે વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવી સંસ્થાનું ગૌરવ વધારવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. સાથે સાથે મમતા કેન્દ્રના તજજ્ઞોને પણ અભિનંદન પાઠવ્યા હતા.



(તસવીર : દિપક જાની)

# સે-૭માં ચ-કક્ષાનો બ્લોક ખાલી કરાવાયો

**ભયજનક બ્લોક તોડી નાંખવામાં આવશે : બ્લોક નં. ૮ના પાયાના બાંધકામમાં તિરાડ, સ્ટ્રકચરલ સ્થિતિ ખરાબ હોવાનુ ધ્યાને આવતા વિભાગે બ્લોક તોડવાની મંજુરી અપી**

ગાંધીનગર તા ૧૦

સે-૭માંચ કક્ષાના એક બ્લોકને તોડી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સેકટરમાં સ્થિત ચ કક્ષાના બ્લોક નં ૮માં રહેતા રહીશોને અન્ય ઠેકાણે આવાસો ફાળવી દેવામાં આવ્યા છે. બ્લોકના પાયામાં તિરાડો હોવાની સાથે રહેણાંકની દ્રષ્ટીએ મકાનો જોખમી હોવાનુ ધ્યાને આવતા તંત્ર દ્વારા આ મામલે વિભાગને જાણ કરવામાં આવી હતી. જેના અંતે આ બ્લોકને જમીનદોસ્ત કરવાનો નિર્ણય લેવાયો છે.

શહેરના સેકટર-૭ માં એકબાજુ નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે. જયારે નિકાલ હેઠળના મકાનો ભયજનક હાલતમાં હોવાથી મોટાભાગના મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે બીજીતરફ સેકટરમાં અન્ય મકાનોનો પણ સર્વે ચાલી રહયો છે. આ દરમિયાન સેકટરમાં સ્થિત ચ કક્ષાના સરકારી આવાસો પૈકી બ્લોકનં ૮નો આખો બ્લોક ભયજનક હાલતમાં હોવાનુ સ્પષ્ટ થયુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ સાઈટ નિરિક્ષણ દરમિયાન બ્લોકની દિવાલો પ્લાસ્ટર ,સિલીંગ તેમજ પાયાના બાંધકામમાં તિરાડો પડી હોવાનુ માલુમ પડયુ હતુ. જેને ધ્યાને લઈ સમગ્ર બ્લોકનુ બાંધકામ હાલ ભયજનક હાલતમાં હોવાનુ તંત્રના ધ્યાને આવ્યુ હતુ. આ મામલે તંત્ર દ્વારા વિભાગને રીપોર્ટ તૈયાર કરી મોકલવામાં આવ્યો હતો. આખરે વિભાગ કક્ષાએથી આ બ્લોકને તોડી પાડવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. તંત્ર દ્વારા આ બ્લોકને ખાલી કરાવી દેવાયો છે. હાલ બ્લોકના ૬ મકાનો ખાલી કરાવી દેવામાં આવ્યા છે. જયારે આ બ્લોકને જમીનદોસ્ત કરવા માટે ટુંકમાં જ કામગીરી હાથ ધરવામાં આવશે. આ માટે ટેન્ડર પ્રકીયા પણ હાથ ધરવામાં આવી છે. એક મહીનામાં બ્લોક તોડી નાંખવામાં આવશે. શહેરમાં નિકાલ હેઠળના મકાનોનો કડુસલો બોલાવી દેવાયો છે. આમછતા હજુ પણ ભયજનક આવાસોની સંખ્યા વિશેષ હોવાથી કર્મચારીઓને માથે ખતરો જળુંબી રહયો હોવાનો આક્રોશ પ્રવર્તયો છે.

# સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સને મામલે દર્દીના સગાઓનો હોબાળો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગઈકાલે મોડીરાત્રે સગર્ભા મહિલાને લઈને પરિવારજનો આવ્યા હતા. મહિલાની તબિયતને લઈ રીફર કરવામાં આવ્યા હતા. પરંતુ એમ્બ્યુલન્સને આવતા મોડુ થતા દર્દીના સગાઓએ તાત્કાલીક વિભાગમાં જ ભારે હોબાળો મચાવ્યો હતો. જયારે દર્દીના સગાનો રોષ આટલાથી ના અટકતા એમ્બ્યુલન્સની લોગ બુક લઈ ગયા હતા. આ મુદ્દો દિવસ દરમ્યાન સિવિલ હોસ્પિટલમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

પ્રાપ્ત મળતી માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની લાલિયાવાડીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. દર્દીઓને યોગ્ય સારવાર ના મળતા કેટલાક દર્દીના સગાઓ ગમ ખાઈ જાય છે તો કેટલાક સગાઓ સામે જવાબ પણ આપી દેતા હોય છે. ત્યારે ગઈકાલે રાત્રીના સમયે ગાંધીનગર તાલુકાના નજીકના ગામમાંથી સગર્ભા મહિલાને પ્રસુતિની પીડા ઉપડતા સગર્ભાને સગાઓ સિવિલ હોસ્પિટલ લઈને આવ્યા હતા. સગર્ભાને જરુરી સારવાર આપવામાં આવી હતી ત્યારબાદ વધુ સારવારની જરુર જણાતા અમદાવાદ રીફર કરાઈ હતી. પરંતુ સિવિલમાં એમ્બ્યુલન્સ હતી તે અન્ય દર્દીને અમદાવાદ મુકવા ગઈ હતી. દર્દીના સગાઓ આમથી તેમ દોડાદોડી કરીને થાકી ગયા હતા એમ્બ્યુલન્સની મદદ માટે પોંકાર પાડી રહ્યા હતા. પરંતુ આટલી મોટી સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ ના હોવાથી દર્દીના સગાઓનો રોષ ભભુકી ઉઠ્યો હતો.દર્દીના સગાઓ એમ્બ્યુલન્સની લોગ બુક પણ પોતાની સાથે લઈ ગયા તેવુ સંકુલમાં ચર્ચાઈ રહ્યું હતું. ત્યારબાદ સગર્ભાને જુસીકાની એમ્બ્યુલન્સમાં સારવાર માટે લઈ ગયા હતા. સિવિલના કેમ્પસમાં સગાઓએ હોબાળો મચતા સિવિલમાં અન્ય હાજર લોકો પણ ટોળે વળ્યા હતા. જયારે સિવિલમાં દિનપ્રતિદિન વધી રહેલા આવા કિસ્સાને કારણે હોસ્પિટલમાં સલામતીના પ્રશ્નો પણ ઉઠી રહ્યા છે. ત્યારે સલામતીના નામે મહિને ખર્ચાતા લાખો રુપીયા પાણીમાં જતા હોય તવું ચિત્ર ઉપસી રહ્યું છે.



**સિવિલ હોસ્પિટલમાં રાત્રીના સમયે માત્ર બે જ ડ્રાઈવરોની નોકરી હોય છે. હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ તો હોય છે પરંતુ ડ્રાઈવરની અછત સર્જાય છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અધતન અને આધુનિક બનતા દર્દીઓનો ભારે ધસારો હોય છે. વિવિધ રોગની સારવાર માટે તાત્કાલીક વિભાગમાં આવતા દર્દીઓ તેમજ અકસ્માતમાં ઈજાગ્રસ્ત દર્દીઓને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામાં આવે છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ મુકવા ગઈ હોય એમ્બ્યુલન્સ તેવા સમયે અન્ય દર્દી આવે ત્યારે તેને થોડી રાહ જોવી પડતી હોય છે. તેવા સમયે દર્દીના સાથે રહેલા સગાઓ જોયા જાણ્યા વગર રોષે ભરાઈ જતા તેમના રોષનો ભોગ સ્ટાફ અને ડ્રાઈવરોને બનવુ પડતું હોય છે. ત્યારે રાત્રીના સમયે વધુ ડ્રાઈવર મુકવામાં આવે તેવું લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે.**

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલી ગરમી આખા રાજ્યમાં સૌથી વધુ છે.

● ગાંધીનગર શહેર નજીક આવેલ વાવોલ, કુડાસણ, સરગાસણમાં વારંવાર વીજળી વેરણ થતાં રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● ગાંધીનગર શહેરમાં નવા સેકટરોમાં ખાસ કરીને ૧,૨,૩ અને ૪ સહિતના વિસ્તારોમાં પાણી પુરા ફોર્સથી નહિ મળતુ હોવાની ફરિયાદો ખુબ ઉઠી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત આજે કારોબારી સમિતિની બેઠક મળનાર છે.

● ગુજરાતમાં ૨૧મી જુનની આસપાસ ચોમાસુ બેસી જશે તેવી આગાહી ખાનગી હવામાન સંસ્થા 'સ્કાયમેંટ' દ્વારા કરવામાં આવી છે.

● આજે રાજયના આરોગ્ય કમિશનરના અધ્યક્ષપદે ગાંધીનગર મેડીકલ કોલેજના હોલમાં વિભાગીય સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આરોગ્યના તમામ કાર્યક્રમોની સમીક્ષા કરાશે.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધતા નાના-નાના છોડ સુકાવાના શરૂ થતાં પ્રકૃતિ પ્રેમીઓ ચિંતીત બન્યા છે.

# ભાજપ આજે ધરણા કરશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના ભાજપ અધ્યક્ષ મહેન્દ્રભાઈ પટેલ અખબારી યાદીમાં જણાવે છે કે આજ રોજ ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ સાથે મહાનગરપાલિકામાં કોંગ્રેસ દ્વારા થયેલ જીવલેણ હૂમલો જે કોંગ્રેસની આ ગેરવર્તુણૂંક અને ગુંડાગીરીના વિરોધમાં કોંગ્રેસની આ હીન કક્ષાની માનસિકતાને ખુલ્લી પાડવા ભારતીય જનતા પાર્ટી આવતીકાલે તા. ૧૧-૫-૨૦૧૬ને સવારે ૧૧.૦૦ કલાકે કેક્ટર-૬ના મેદાનમાં ગરબા ગ્રાઉન્ડ પાસે ધરણાનો કાર્યક્રમ યોજી કોંગ્રેસની 'અસહિષ્ણુતા' માટે બુમરેંગ કરતી કોંગ્રેસની ખોટી માનસિકતાનો વિરોધ કરીશું.

દરમ્યાન શહેર પ્રમુખે આજે અન્ય એક અખબારી નિવેદનમાં મેયર પરના હૂમલાને વખોડી કાઢ્યો છે તેમજ કોંગ્રેસી નેતાઓએ કરેલો આ હૂમલો નિંદનીય અને અશોભનીય છે.

# "રેટીના બ્લાસ્ટોમાં"ના દર્દીઓના લાભાર્થે કલ્ચર લીફનો ચેરિટિ શૉ

## જાણીતા ગાયક કલાકારો બંકીમ પાઠક, મુખ્તાર શાહ અને આનલ વસાવડાનો સંગીતમય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સે. ૧૭માં ટાઉનહોલ ખાતે તાજેતરમાં કલ્ચર લીફ ફાઉન્ડેશન દ્વારા રેટીના બ્લાસ્ટોમાં રોગના દર્દીઓના લાભાર્થે સંગીતમય ચેરિટિ શૉ યોજવામાં આવ્યો હતો. આ શૉમાં જાણીતા કલાકારો બંકીમ પાઠક, મુખ્તાર શાહ અને આનલ વસાવડા દ્વારા ફિલ્મી સંગીતની રમઝટ રજૂ કરાઈ હતી જેને નગરજનોએ મનભરીને માણી હતી.

કાર્યક્રમના પ્રારંભે સુરેન્દ્રનગરના બ્રાહ્મણ પરિવારના રેટીના બ્લાસ્ટોમાના બાળદર્દી માધવ દવેના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ખ્યાતનામ ગીતો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. બંકીમ પાઠક દ્વારા મોહમ્મદ રફી, મુખ્તાર શાહ દ્વારા મુકેશ અને આનલ વસાવડા દ્વારા લત્તા મંગેશકરે ગાયેલા ગીતો



સુપેરે રજૂ કરાયા હતા. હોલમાં ઉપસ્થિત તમામ શ્રોતાઓએ કલાકારોની પ્રસ્તુતિને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. આ પ્રસંગે ગાયક બંકીમ પાઠકે તેમના દ્વારા ગાયેલ ગીતોની ડીવીડીનું વેચાણ અર્થે મુકી તેમાંથી થનાર આવકને 'રેટીના બ્લાસ્ટોમાં'' ના બાળદર્દીઓના લાભાર્થે કલ્ચર લીફ ફાઉન્ડેશનને આપવાની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ કલાકાર કસબીઓને માટે જમવાની વ્યવસ્થા જયશ્રી મહાકાળી કેટરર્સના માલિક ચંદ્રકાંત બારોટ દ્વારા કોઈપણ જાતની અપેક્ષા વિના વિનામૂલ્યે પુરી પાડવામાં આવી હતી.

કલ્ચર લીફ ફાઉન્ડેશનના પ્રમુખ કૃપા બારોટ દ્વારા તમામનો આભાર માનવામાં આવ્યો હતો. અને ભવિષ્યમાં સંસ્થા દ્વારા યોજાનાર તમામ ચેરિટિ કાર્યક્રમોને પણ સફળ બનાવવા સાથ આપવા અપીલ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અગ્રણી નગરજનો એન.પી. પટેલ, જગત કારાણી અને રમેશભાઈ પટેલે સહયોગ પુરો પાડ્યો હતો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭